કાંકરેજ તાલુકાના શિહોરી વિસ્તારમાં ભૂગર્ભ જળ ઊંડા જતાં ખેડૂતો ત્રાહીમામ

કાંકરેજ, તા. ૨૭

કાંકરેજ તાલુકાના શિહોરી પૂર્વે નદી વિસ્તારના ગામોના લોકો ભૂગર્ભ જળની ઉણપથી ત્રાસી ગયા છે. ૬૦૦ થી ૭૫૦ ફૂટના બોર હોવાથી ભૂગર્ભ જળ ઓછાં

હોવાથી ત્રાહીમામ પોકારી રહ્યા છે.

કંબોઇ વિસ્તારના ખેડૂત ખાતેદારશ્રી સોલંકી કુંવરસિંહ દીવાનસિંહ જણાવી રહ્યા છે કે આ ગુજરાતની ભાજપ સરકારે અમારા હિત માટે કોઇ કાર્ય કર્યું નથી પણ અમોને તો દેવામાં ડુબાડી દીધા છે.

જોકે અમોને સુજલામ-સુફલામ દ્વારા અમારા વિસ્તારમાં ચાલતી બનાસ નદીમાં પાણી નાંખવાની બાંહેધરી આપેલ પણ હજુ સુધી અમારા વિસ્તારમાં બનાસ નદીમાં પાણી નાંખેલ નથી અને કાંકરેજ તાલુકાના સુદ્રોસણ ગામ પાસે બનાસ નદીમાં પાણી નાંખી રાધનપુર વિસ્તારને લાભ આપેલ અને કાંકરેજના શિહોરીના પૂર્વ વિસ્તારને કંગાલ કરી નાંખી શું આ બની બેઠેલ રાજકારણીઓ શું લાભ ખાટવા બેસે છે પણ જોકે કંબોઇ, ઉબરી, બુકોલી, અરણીવાડા, દુદાસણ, કસાળપુરા, આમલુણ, મોટાજામપુર, શિહોરી વિગેરે ગામોના ખેડૂતોની રાડ આ ભાજપ સરકાર સાંભળે નહીં તો આવનાર સમયમાં ચૂંટણી સમયે આ વિસ્તારના ખેડૂતો તેનો બદલો લેશે તેવું કંબોઇ ગામના ખેડૂત શ્રી સોલંકી કુંવરસિંહ દિવાનસિંહ જણાવી રહ્યાં છે.

સાબરકાંઠા જિલ્લાના શહેરી વિસ્તારમાં દારૂ બંધ કરાવતા ગામડાઓમાં અડ્ડા ધમધમ્યા

ધનસુરા, તા. ૨૭

સાબરકાંઠા જિલ્લા પોલીસ અધિક્ષકની કડક સૂચનાથી શહેરમાં ચાલતા દેશી અને વિદેશી દારૂના અડ્ડાઓ બંધ થતા ગ્રામ્ય વિસ્તારના દારૂના અડ્ડાઓ ધમધમવા લાગ્યા છે. તો શહેરી દારૂડીયાઓ દારૂ પીવા માટે ગામડાઓ તરફ વળ્યા છે.

મળતી માહિતી અનુસાર સાબરકાંઠા જિલ્લા પોલીસ વડાની સૂચનાથી શહેરી વિસ્તારમાં ધમધમતા દારૂના અડ્ડાઓ બંધ કરાવવા અધિકારીઓને જણાવ્યું હતું. આથી અધિકારીઓ શહેરમાં ચાલતા મોટાભાગના દેશી-વિદેશી દારૂના અડ્ડાઓ ઉપર દરોડા પાડી અડ્ડા બંધ કરાવ્યા હતા. જ્યારે શહેરના અડ્ડા બંધ થતા આસપાસના વિસ્તારના ગામોમાં ચોરીછૂપે દેશી દારૂના અડ્ડાઓ ધમધમવા લાગ્યા છે. અને દારૂના રસિયાઓ રોજ સવારે ને સાંજે મોટર સાયકલ અથવા અન્ય વાહનો લઈ શહેરથી ૫૦-૬૦ કિ.મી.ના અંતરે આવેલા ગામોમાં દારૂ પીવા જાય છે. અને મોટા પાયે દારૂ ભરીને પણ લઈ આવે છે. ત્યારે નશાબંધી ખાતાએ સક્રિય થઈ ગ્રામ્ય વિસ્તારમાં દરોડા પાડી ધમધમતા દારૂના અડ્ડાઓ પર દરોડા પાડી બંધ કરાવશે ત્યારે જ આ બદી દૂર થશે.

પાલનપુરમાં દાગીના ચોરતો ગઠીયો સીસીટીવી કેમેરામાં કેદ

પાલનપુર, તા. ૨૭

રાજ્યભરમાં ઠગાઈ, ચીટીંગ, બેભાન કરીને ઠગાઈ અને છેતરપીંડી જેવા દરરોજ એકાદ બે કિસ્સાઓ રોજ ટી.વી. અને અખબારોમાં જોવા મળે છે. ત્યારે આવો જ એક ઠગાઈનો વધુ એક કિસ્સો આજે પાલનપુર શહેરમાં બન્યો હતો. જેમાં ગઠીયો જ્વેલર્સની દુકાનના સી.સી. ટીવી કેમેરામાં કેદ થઈ ગયો હતો.

પ્રાપ્ત વિગતો મુજબ પાલનપુર શહેરમાં આવેલા જુદા જુદા વિસ્તારોમાં સોનાના વેપારીને ત્યાં જઈ એક શખ્સ વેપારી સાથે આગવી સ્ટાઈલમાં વાતોનો દોર આરંભી અને વેપારીને વિશ્વાસમાં લઈ બે જેટલી સોનાની દુકાનમાંથી સોનાની બુટ્ટીઓ લઈ પોતાના ઘરે બતાવીને આવુ તેમ કહી પલાયન થઈ ગયો હતો. આ ઠગાઈની જાણ થતા સોનાના વેપારીએ પોતાની દુકાનમાં લાગેલા સી.સી. ટીવી કેમેરાની ફુટેજ જોતા આ ગઠીયો કેમેરામાં ઝડપાઈ ગયો હતો. પોલીસે આ ફુટેજ અને વેપારીની ફરિયાદના આધારે ગઠીયાની શોધખોળ હાથ ધરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે ભણેલા ગણેલા અને પાયે-પાઈનો હિસાબ રાખતા સોનાના વેપારીઓ આવુ મુર્ખતા ભર્યુ પગલુકેમ ભરેછેતેસમજાતુનથી. પોલીસે આ ગઠીયાની તપાસ કરતા પહેલા વેપારીઓને પણ ઠપકો આપી આવા મામલેસતર્કરહેવા જણાવવુંજોઈએ.

ધંધુકા હાઈવે પરથી ૩૮૯ પેટી દારૂ સાથે બે ઝડપાયા

અમદાવાદ,તા. ૨૭

રાણપુર-ધંધુકા હાઈવે ઉપરથી પોલીસે દારૂ ભરેલી ટેન્કર સાથે બે શખ્સોને ઝડપી પાડ્યા છે. પોલીસે તેમની પાસેથી ૧૮.૯૧ લાખની કિંમતનો વિદેશી દારૂ કબજે કર્યોછે.

વિગતવાર માહિતી એવી છે કે ગઈકાલે ૨૬મીના રોજ અમદાવાદ ગ્રામ્ય જિલ્લા પોલીસ વડા ગગનદીપ ગંભીરની સૂચના અને માર્ગદર્શન હેઠળ જિલ્લાના રાણપુર પો.સ્ટેના પીએસઆઈ એમ વી ઝાલા પેટ્રોલીંગ ગયા હાત. દરમ્યાન માં પીએસઆઈ એમવી જાળા તથા સ્ટાફના માણસોએ રાણપુર-ધંધુકા હાઈવેરોડ ઉપર બાતમી આધારે વોચમાં ઉભા હતા. દરમ્યાન ટેન્કર નં. જીજે-૬-વાય-૯૯૦૭ની આવતા જેને રોકી તપાસ કરતા ટેન્કરમાંથી ઈંગ્લીંશ દારૂની પેટી નંગ-૩૮૯ બોટલ નંગ ૪૫૪૮ કિંમત રૂપિયા ૧૩,૬૪,૪૦૦ તતા બિયર ટીન નંગ ૨૪૦ કિંમત રૂપિયા ૨૪૦૦૦નો ઈંગ્લીશ દારૂનો જથ્થો તથા ટેન્કરની કિંમત ૫,૦૦,૦૦૦ તથા મોબાઈલ ૩૦૦૦ કુલ કિમત રૂપિયા ૧૮,૯૧,૪૦૦ પકડી પાડી બેઈસમો ડ્રાઈવર તથા ક્લીનરની ધરપકડ કરી હતી. પુછપરછમાં તેમના નામ ૧. મોહનલાલ બિરદારામ વિશ્નોઈ (રહે. ચીમડાવાસ તા. સાંચોર જી. જાલોર (રાજસ્થાન)) તથા ૨. કૈલાસ સુજાનારામ વિશ્નોઈ (રહે. તા. સાંચર જી. જાલોર હોવાનું જાણવા મળ્યુ હતુ. સઘન પુછપરછમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો પંજાબ રાજ્યમાંથી ગુજરાતના સૌરાષ્ટ્ર તરફ જતો હોવાનું પ્રાથમિક તપાસમાં જણાય આવેલ છે.

શિહોરી દુગાવાડા પાસે સ્ટાઈલ ભરેલ ટ્રકે પલટી ખાતા આખા રોડ પર સ્ટાઈલ-સ્ટાઈલ થઈ ગઈ હતી. પરંતુ કોઈ મોટી જાનહાની થઈ નથી. આ બનાવમાં ડ્રાઈવર - કંડકટરનો આબાદ બનાવ થવા પામ્યો છે.

(તસવીર : રામજીભાઈ રાયગોર)

કાંકરેજ તાલુકા સંઘના ગોડાઉનોમાં ભરાતો દીવેલાનો પૂરવઠો કોનો છે ?

કાંકરેજ તાલુકા સંઘના ગોડાઉનમાં ભરાતો દીવેલાનો પૂરવઠો ઠલવાતા ગ્રામજનોમાં એવી ઉઠવા પામી છે કે શું આ દીવેલાનો જથ્થો શું સરકારનો છે કે પ્રાઈવેટ ? આ અંગે ગ્રામજનોનું એવું કહેવું છે કે આ અંગે કલેક્ટરશ્રી તપાસ કરે કે આ ગોડાઉનોમાં ભરાતો દીવેલાનો જથ્થો સરકારનો છે કે પ્રાઈવેટ તેવી માંગ ઉઠવા પામી છે.

રણાસણ ગામમાં ઠગ ત્રિપુટીએ ૪૭,૫૦૦ના દાગીનાની કરેલી ઠગાઈ, પોલીસે ફિલ્મીઢબે ઠગ ત્રિપુટીને ઝડપી

તલોદ, તા. ૨૭

સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના રણાસણ ગામમાંએક પલ્સર બાઈક લઈને આવેલી વાદી સમાજની ૨ મહિલા અને ૧ યુવકની ઠગ ત્રિપુટીએ રણાસણના ભાવસાર પરિવારમાં ઘુસ મારી પરિવારની મહિલાઓને વિશ્વાસમાં લઈ અંધશ્રદ્ધાની આડમાં રૂ. ૪૭,૫૦૦ના સોનાના દાગીના ઉઠાવી જવાની કરેલ કોશિશે પંથકમાં ભારે ચકચકાર મચાવી મુકી હતી. લગભગ અડધા લાખ રૂપિયાના દાગીના લઈને ફિલ્મી ઢબે ભાગી છૂટેલી આફ્રી ઈડિયટ્સની ઠગ વાદી ત્રિપુટીને ભારે સતર્કતાપૂર્વક ઝડપી લઈ તેમની પાસેથી તમામ મુદ્દામાલ કબજે લઈ વધુ તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી અનુસાર રણાસણના જસવંતલાલ મોહનલાલ ભાવસાર અને તેમની પત્ની ગીતાબહેન શાકભાજીની લારી ચલાવી પોતાનું ગુજરાન ચલાવે છે. ગીતાબહેન જશવંતભાઈની ૪ દીકરીઓપૈકી નાની દીકરી હેમલતા છુટાછેડા લઈને ઘરે પરત આવી બેઠી છે. જે રણાસણમાં બ્યુટીપાર્લર ચલાવી પગભર થઈ રહી છે. હેમલતાની માતા ગીતાબહેન અને પિતા જસવંતભાઈનો દરરોજની જેમ શાકભાજીની લારી ઉપર હાજર હતા. દરમિયાન એક પલ્સર બાઈક નં. જીજે-૧૮-એએસ૭૭૦૯ તેમની લારી પાસે આવી થોભી ગયું હતું જે બાઈક પરથી બે મહિલા અને એક યુવક ઉતરી ગીતાબહેનને બ્યુટીપાર્લર વિશે પૂછતાછ કરી હતી. જેથી ગીતાબહેને પોતાની દીકરી હેમલતા જ બ્યુટી પાર્લરનું કામ કરતી હોવાનું જણાવી હેમલતાના બ્યુટીપાર્લર પર ટોળકીને લઈ ગયા હતા. જ્યાં કામનું નક્કી કરવા ભાવની રકઝક આવેલ ટોળકીએ કરી હતી. વાતવાતમાં બસ જાણે કે ગીતાબહેન અને હેમલતા ભાવસારની દુખતી નસ ઠગ ટોળીના હાથમાં આવી ગઈ હતી જેથી ટોળકીની એક મહિલાએ પોલાના કાંઠે માતાજી આવતા હોવાની માયાજાળ વ્યાપક રીતે બિછાવીને હેમલતાના સાસરીયાએ કંઈક કરી નાખ્યું છે જેની વિધિ કરી આપના સૌ સારા વાના થઈ જશે તેવી હૈયાધારણા આપી શિકારનો ખેલ ભારે કસપૂર્વક અજમાવ્યો હતો અને વિધિ માટે સવામુઠી ઘઉં અને રૂમાલની માગણી કરતા દીકરીએ આપ્યા હતા. અહિં જ વિધિ કરવાની છે જેમાં સોનાના દાગીના પણ મુકવા પડશે તેમ કહી આવેલ ઠગ ટોળકીએ દાગીનાની માંગ કરતા જ વિશ્વાસમાં ગળાડૂબ બનેલા ભાવસાર પરિવારની મા દીકરીએ તિજોરીમાંથી દોઢ તોલાનો સોનાનો દોરો-૧ અને ૪ ગ્રામની સોનાની વિંટી નંગ-૧ કાઢીને આપી હતી જે તમામ વસ્તુઓ હાથ રૂમાલમાં બાંધ્યા બાદ વાદી ત્રિપુટીએ વિધિ પહેલા ચા પીવાના બહાને ગીતાબહેનને રસોડામાં અને નાહી ધોઈને વિધિમાં બેસવા હેમલતાને બાથરૂમમાં ધકેલી દેવામાં સફળતા હાંસલ કરી હતી. દરમિયાન દાગીના સાથેજ આફ્રી ઈડિયટ સમી ઠગ ટોળકી ઘટીના છઠ્ઠા ભાગમાં રસોડામાંથી મા અને બાથરૂમમાંથી દીકરી બહાર આવે તે પહેલા 'નવ...દો...ગ્યારહ' ગણીને બાઈક પર રફુચક્કર થઈ ગઈ હતી. તલોદ પોલીસને આ મામલાની ખબર પડતા પોલીસે નાકાબંધી કરી સતર્કતાપૂર્વક ઘડીવારમાંજ ઠગ ટોળકીને તમામ મુદ્દામાલ સાથે ઝડપી પાડી હતી અને તેમના વિરૂદ્ધ ઠગાઈનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

ગાંધીનગર સમાચાર

બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ચ-માર્ગ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧
Email : jay_choly@yahoo.com • gandhinagarsamachar@yahoo.com

સાબરકાંઠા, મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જિલ્લા સહિત તમામ તાલુકાના વાસીઓ તેમની પ્રેસનોટ તથા જાહેરખબર આપવા અમારા પ્રતિનિધિનો સંપર્ક કરે.

સાબરકાંઠા જિલ્લામાં

મગનજી વણઝારા	(બ્યૂરો ચીફ, સા.કાં. હિંમતનગર)	૯૯૨૫૦૪૪૭૪૩ ૯૩૭૪૮૪૪૭૧૬
સમીર બલોચ	સાબરકાંઠા જિલ્લા ફોટોગ્રાફર	૯૯૨૪૩૩૩૪૩
દશરથ વણઝારા	તલોદ	૯૬૩૮૧૮૮૭૯૬
જનક રાવલ	વડાલી	૯૯૨૫૭૯૯૭૦૩
કાળુસિંહ રાઠોડ	સલાલ	૯૪૨૭૮૦૯૦૩૧
જીતેન્દ્ર એલ. પટેલ	ધનસુરા	૯૪૨૭૩૬૮૫૦૩
પ્રકાશ ગઢવી	ઈડર	૯૪૨૯૪૫૭૬૧૭
રમેશભાઈ વૈષ્ણવ	ખેડબ્રહ્મા	૯૪૨૬૨૫૯૩૬૦
જયદેવભાઈ બારોટ	ખેડબ્રહ્મા	૯૪૨૮૮૩૦૩૩૮
સંજય રાવલ	પ્રાંતિજ	૯૮૨૫૮૩૮૫૬૯
કોદરસિંહ રાઠોડ	તાજપુર કેમ્પ	૯૯૯૮૮૨૮૧૯૩
મયુર ધ્વજસિંહ વાઘેલા	માણસા	૯૮૭૯૦૯૯૯૩૩

મહેસાણા - બનાસકાંઠા જિલ્લામાં

મહેશભાઈ બારોટ	મહેસાણા/ઊંઝા	૯૯૭૯૪૦૨૫૩૩
ગણપતભાઈ જોષી	પાલનપુર	૯૩૭૫૦૭૬૦૬૧
હરેશ જોષી	પાલનપુર	૮૦૦૦૯૧૧૬૧૬
કાંતિલાલ લોધા	ડીસા	૯૮૭૯૦૧૦૦૪૭
જેણુભા વાઘેલા	પાટણ	૯૯૯૮૨૧૦૪૩૬

પુરુષોત્તમ પ્રિયદાસની જન્મ દિવસની ઉજવણી

અમદાવાદ, તા.૨૭

મણીનગર સ્વામિનારાયણ ગાદી સંસ્થાના આચાર્ય પુરુષોત્તમપ્રિયદાસ સ્વામીના આવતીકાલે સોમવારે ૭૦માં જન્મ દિવસથી ભવ્ય ઉજવણી કરવામાં આવશે. આ નિમિત્તે મણીનગર સ્વામિનારાયણ મંદિરમાં કેન્સરગ્રસ્ત બાળકોનેદવાનુંવિતરણ કરશે. ૭૦૦૦ કેકનું વિતરણ કરાશે, જેનું કુલ વજન ૭૯૦ કિલો છે. આચાર્ય પુરુષોત્તમપ્રિયદાસ સ્વામિના ૨૮મી મેને સોમવારે ૭૦માં જન્મ દિવસ નિમિત્તે મણીનગર સ્વામિનારાયણ મંદિરમાં સવારે સ્વામિના હસ્તે કેન્સરગ્રસ્ત બાળકોને દવાનું વિતરણ કરવામાં આવશે અને વૃક્ષારોપણ કરવામાં આવશે. આ ઉપરાંત સાંજના સમય સાંસ્કૃતિક નૃત્ય, હિપોપડાન્સના કાર્યક્રમ બાળકો દ્વારા રજૂ કરવામાં આવશે. સ્વામીના જન્મ દિવસ પ્રસંગે ૭૦૦ કેક બનાવવામાં આવી છે, જેનું કુલ વજન ૭૯૦ કિલો થાય છે. જનમંગલના પાઠ સાથે ૧૦૮ સુવર્ણ પુષ્પો સંતોદ્વારા ભગવાનના ચરણોમાં અર્પણ કરવામાં આવશે.

ઓજસ પાથરવાનું..● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અરૂણભાઈએ ક્યારેય આ મારામાં ન આવે તેવી નીતિ અપનાવ્યા વગર સહજતા વગર સેવાકાર્ય ચાલુ રાખ્યું છે તે વધુ મોટી બાબત છે. નામ અરૂણ અને વય તરૂણ તેમની નવું કરવાની સતત ધગશ અને તળવળાટને પણ તેમણે બિરદાવ્યો હતો. લેખક રજનીકુમાર પંડ્યાએ પણ અરૂણભાઈની સેવાપ્રવૃતિના વ્યાપને બિરદાવી શુભેચ્છા પાઠવી હતી. નગરના અગ્રણી અને કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાન્ત જહાએ પણ આ તબક્કે જણાવ્યું હતું કે નગરમાં છેલ્લા સાડા ચાર દાયકાથી પાણી, ગટર, ચોરી અને દબાણ સહિતના પ્રશ્નોની રજૂઆત કરતા અરૂણ બૂચ હરતુ-ફરતુ સેવારૂપી બની ગયા છે. પૂર્વ કેબિનેટ મંત્રી જશુભાઈ બારડે જણાવ્યું હતું કે અરૂણભાઈના પ્રેરણારૂપ જીવનથી તેમના આત્મામાં પરમાત્માનો સાક્ષાત્કાર થાય છે. તેમની વિવિધક્ષેત્રની સેવાપ્રવૃત્તિને પણ તેમણે બિરદાવી હતી. શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બૂચના અમૃત મહોત્સવની ઉજવણીના ભાગરૂપે પ્રકાશિત પુસ્તકોના વિમોચન પ્રસંગે પવિત્ર યાત્રાધામ બોર્ડના ચેરમેન મહેન્દ્ર ત્રિવેદીએ સૌનો આભાર માન્યો હતો. ગાંધીનગરના મેયર મહેન્દ્રસિંહ રાણા, બ્રહ્માકુમારીઝના કૈલાસ દીદી, મહામંડળના પધાધિકારીઓ સુધીર દેસાઈ, કાલુભાઈ દેસાઈ, મયૂરભાઈ વ્યાસ અને કિશોર જીકાદરા સહિત નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

નવો ઇતિહાસ...

● ત્રીજા પાનાનું ચાલુ

કાર્યક્રમો પણ કર્યા હતાં. જેથી આજદિન સુધી દરિયાપુરમાં બંન્ને કોમના લોકોના દિલમાં વી.ડી.વનાર માટે એક આગવું સ્થાન છે. વી.ડી.વનારના અથાગ પ્રયત્નોથી હવે રથયાત્રા દરિયાપુરમાંથી પસાર થતી વેળા મુસ્લિમ સમાજના મોટાભાગના લોકો પણ સ્વયંભૂકર્ફ્યુને તીલાંજલી આપી રથયાત્રાની મજા માણવા લાગ્યા છે. ત્યાં સુધી કે મુસ્લિમ બિરાદરો પણ દરિયાપુરમાં રથયાત્રાનું ઠેર ઠેર સ્વાગત કરતાંહોય છે. નોંધનીય છે કે દરિયાપુર અતિસંવેદનશીલ વિસ્તાર હોવાથી તે વિસ્તાર દર વર્ષે રથયાત્રાને લઈને શહેર પોલીસ માટે માથાના દુઃખાવા સમાન હતો. પરંતુ વનારના પ્રયત્નોથી ઓછા બંદોબસ્તમાં ખૂબ જ સરાહનીય કામગીરી થવા લાગી હતી. જેથી દર વર્ષે વી.ડી.વનારને કોઈપણ સ્થળે ફરજ પર હોય તેમ છતાં રથયાત્રા વેળા તેમને દરિયાપુર ખાતે બંદોબસ્તમાં હાજર રાખવામાં આવતાં હતાં. હવે ડી.વાય.એસ.પીનું પ્રમોશન મળ્યા બાદ ગાંધીનગરમાં ફરજ બજાવી વી.ડી.વનાર નિવૃત્ત થઈ ગયા છે. પરંતુ તેમ છતાં તેમની ઉમદા કામગીરી અને લોકસંપર્કને ધ્યાને રાખી અમદાવાદ પોલીસે તેઓ નિવૃત્ત હોવા છતાં રથયાત્રા વેળા હાજર રહેવા વિનંતી કરી છે.

સનદી અધિકારીઓ..● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ડી. રાજગોપાલનની સેવાઓ લઈ રહી છે. આ અગાઉ પી.કે.લહેરીની સેવાઓ નર્મદા નિગમમાં લેવામાં આવી હતી. વહીવટી તંત્રમાં એવું કહેવાય છે કે ફસ્ટ કેડરના મોટાભાગના અધિકારીઓ નિવૃત્ત થઈ ગયા છે પરંતુ સરકારે પ્રમોશનથી આ જગ્યાઓ ભરી દીધી છે. સરકારમાંથી ચાર સિનિયર આઈએએસ બી.કે.સિંહા, અરવિંદ જોષી ગયા જાન્યુઆરી મહિનામાં, પી.બી.પટ્ટણી અને આર.આર. ચૌહાણ માર્ચ મહિનામાં નિવૃત્ત થઈ ગયા છે. હવે મે મહિનાના અંતમાં સી.એલ.મીના અને રજનીકાન્ત પટેલ નિવૃત્ત થાય છે. જૂનમાં એ.એન.ખત્રી, જુલાઈમાં એમ.એમ.શ્રીવાસ્તવ, સપ્ટેમ્બરમાં વિલાસીની રામચંન્દ્રન અને ટી.એસ.રંધાવા, ઓક્ટોબરમાં વરૂણ માયરા અને ડિસેમ્બરમાં પી.આર.સોમપુરા જેવા સિનિયર અધિકારીઓ નિવૃત્ત થઈ રહ્યાં છે.

વય નિવૃત્તિ પછી ખાલી પડેલી જગ્યાઓ ભરવા માટે સરકારે વહીવટી તંત્રમાં ફેરબદલ કરવો પડે તેમ છે. અગાઉ નિવૃત્ત થયેલા ઓફિસરોની જગ્યાએ વધારાના હવાલા આપવામાં આવ્યા છે. એવું મનાય છે કે મુખ્યમંત્રી ટૂંક સમયમાં વહીવટી તંત્રમાં ફેરબદલ કરે તેવી શકયતા છે.

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD
Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની
સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES
APOLLO TYRES
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યૂબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૬૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮